પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 08-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : SUNDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

****

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આ વખતની પહેલી દિવાળી એવી છે, જ્યારે દેશનો દરેક જિલ્લો નક્સલવાદથી મુક્ત છે – છત્તીસગઢમાં સુરક્ષા જવાનો સાથે પ્રધાનમંત્રીએ દિવાળી ઉજવી.

2) પ્રકાશના પર્વ દિવાળીની રાજ્યભરમાં ભવ્ય ઉજવણી – મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર – વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ ચોપડાપૂજન કર્યું.

3) દિવાળીના તહેવાર નિમિત્તે હૉસ્પિટલોમાં ઈમરજન્સી વૉર્ડ સહિતની સેવાઓ 24 કલાક સાતેસાત દિવસ કાર્યરત્ રાખવા આરોગ્ય મંત્રીની સૂચના.

4) રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો - સૌથી ઓછું 17.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું.

5) મધ્યપ્રદેશમાં યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં ભરૂચના ખેલાડી વ્રજ પટેલ અને ઍરિક પરમારની પસંદગી.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

NEW PM BASTAR DIWALI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દર વર્ષની જેમ આ વર્ષે પણ દેશના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી. પ્રધાનમંત્રી આજે છત્તીસગઢના બસ્તરમાં સુરક્ષા જવાનો સાથે દિવાળી ઉજવી હતી. આ પ્રસંગે જવાનોને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આ વર્ષની દિવાળીનું વિશેષ મહત્વ છે. કારણ કે, દેશે નક્સલવાદ અને માઓવાદી આંતક સામે દાયકાઓ જૂની લડાઈ જીતી લીધી છે. તેમણે કહ્યું, દેશની એકતા અને અખંડિતતા માટે સુરક્ષાકર્મીઓએ અગણિત બલિદાન આપ્યા છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)

(साल 2026 की दिवाली वाकई विशेष है. 40-50 साल के बाद आपके लिए ऐसी दिवाली आई है. ये पहली दिवाली है जब देश नक्सलवाद माओवादी आतंक के खिलाफ दशकों पुरानी लड़ाई जीत चुका है. यह पहली दिवाली है जब देश का हर जिला नक्सलवाद से मुक्त है. यह पहली दिवाली है जब करोड़ों देशवासी नक्सलवाद के भय को परास्त कर चुके हैं.)

AMIT SHAH STATE VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાલ રાજ્યના પ્રવાસે છે. આજે તેઓ તેમના પરિવાર સાથે અમદાવાદના તેમના નિવાસસ્થાને દિવાળીની ઉજવણી કરશે. શ્રી શાહ આવતીકાલે અમદાવાદમાં રાષ્ટ્રીય રાજમાર્ગ પર ઈસ્કોનથી સાણંદ સુધી નવનિર્મિત ઓવરબ્રિજનું લોકાર્પણ કરશે. ઉપરાંત શ્રી શાહ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શ્રીનાથ ફાઉન્ડેશનના સહકારથી નિર્મિત નૉલેજ હબ સેન્ટર તથા મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત શહેરી આરોગ્ય કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

બપોરે શ્રી શાહ મહાનગરપાલિકા દ્વારા પુનર્વસન કરાયેલા “રામાપીરનો ટેકરો”ના આવાસોના લોકાર્પણ તથા મહાનગરપાલિકાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સમારોહમાં ઉપસ્થિત રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું.

DIWALI FESTIVAL CELEBRATION

અંધકાર પર પ્રકાશના અને અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમા પ્રકાશના પર્વ દિવાળીની આજે રાજ્યભરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ દિવાળીનું મહત્વ વિશેષ છે. દિવાળી નિમિત્તે રાજ્યભરમાં મુખ્ય બજારો, શૉપિંગ મૉલ્સ અને ઐતિહાસિક સ્થળોને રોશનીનો શણગાર કરાયો છે. લોકોએ પોતાના ઘરના આંગણામાં અવનવી રંગોળી પણ બનાવી છે. સાથે જ લોકોના ઘરો દીવડાથી ઝગમગી ઉઠ્યા છે.

અમદાવાદના સોલા ભાગવત વિદ્યાપીઠ સહિત રાજ્યભરમાં વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ આજે વિધિવત્ ચોપડાપૂજન કર્યું. વેપારીઓએ પોતાના હિસાબ પુસ્તકોની પૂજા કરી તેમના વ્યવસાયમાં સમૃદ્ધિ અને સફળતા માટે પ્રાર્થના કરી. જ્યારે જુનાગઢમાં કોટેચા પરિવારે દિવાળી નિમિત્તે વિશેષ રીતે પૂજા કરી. તેમની આ અનોખી પરંપરા અંગે પરિવારનાં સભ્ય ચાંદની કોટેચાએ વધુ માહિતી આપી.

(BYTE: CHANDANI KOTECHA, JUNAGADH)

(घर-घर में ये पूजन होता है, लक्ष्मी जी का पूजन होता है, तो मेरी दादी जी सासू बोलती थीं, घर में अगर बहू-बेटियों की पूजन हो, उसकी आरती करी की जाए, तो आपके घर में लक्ष्मी आएगी ही आएगी. वो ऐसा बिलीव करते थे, तो उस मान्यता के अनुसार हमारे घर में सभी परिवारजनों, हमारे सब दिवाली के दिन इकट्ठा होते हैं हमारी सब आरती करते हैं, हमारी पूजा करते हैं, माफी मांगते हैं हमारे सब से.)

દિવાળી પર્વ નિમિત્તે શક્તિપીઠ અંબાજી, યાત્રાધામ પાવાગઢ મહાકાળી મંદિર સહિતના યાત્રાધામોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે. સાંભળીએ એક અહેવાલ.

(VOICECAST: VIPUL PUROHIT)

(घर-घर में ये पूजन होता है, लक्ष्मी जी का पूजन होता है, तो मेरी दादी जी सासू बोलती थीं, घर में अगर बहू-बेटियों की पूजन हो, उसकी आरती करी की जाए, तो आपके घर में लक्ष्मी आएगी ही आएगी. वो ऐसा बिलीव करते थे, तो उस मान्यता के अनुसार हमारे घर में सभी परिवारजनों, हमारे सब दिवाली के दिन इकट्ठा होते हैं हमारी सब आरती करते हैं, हमारी पूजा करते हैं, माफी मांगते हैं हमारे सब से.)

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોએ રાજ્યના લોકોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી છે.

VDR BRIDGE RAMAYAN

દિવાળી નિમિત્તે વડોદરા શહેરમાં રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું છે. શહેરના દાંડિયા બજારમાં અકોટા બ્રિજ પાસે એલઈડી સ્ક્રિન પર રામાયણ બતાવવામાં આવી રહી છે. આ અંગે વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ વધુ માહિતી આપી.

(BYTE: ARUN MAHESH BABU, MUNICIPAL COMMISSIONER, VMC)

(दीवाली का सेलिब्रेशन क्यों आया? किस बेसिस पे आया? और किस कारण से इस तरह से लोग सेलिब्रेट करके इसको क्यों फेस्टिवल ऑफ लाइट्स बताते हैं? वो वाला हिस्ट्री बोलने की जरूरत है, यंगर जनरेशन को ख़ास करके जो पुरानी हिस्ट्री जानते नहीं है तो वो हिस्ट्री को बताते हुए रामायण की जो कथा है और जो लोग कैसे दिया जला के उसको सेलिब्रेट किए थे, विक्ट्री, गुड ओवर ईविल का जो कंसेप्ट था, उसको अकोटा ब्रिज में हमने पूरी रामायण का सीरीज का डिस्प्ले किया गया है.)

PRAFUL PANSHERIYA MESSAGE

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ સૌને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે નવા વર્ષનો પ્રારંભ સ્વચ્છતા, ભેળસેળયુક્ત આહાર અને સ્વસ્થ જીવનશૈલીના સંકલ્પ સાથે કરવા સૌને અપીલ કરી.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

(जो अभी यूनिवर्सिटी का जो ए प्लस ऑटोनॉमस है, तो अभी नेक्स्ट एक्रेडिटेशन में उसको ए डबल प्लस कैसे लेके जाएं? नॉट ओनली दैट, अभी तो हमने ये इंडियन रैंकिंग्स हैं, एनआईआरएफ में हमारा टॉप 100 में रैंकिंग है, तो उसको हम कैसे इंटरनेशनल रेकग्निशन भी हमारा जब होगा तब जाके मुझे लगता है कि हमारे यूनिवर्सिटी का एक ब्रांड एस्टेब्लिश होगा। और यदि हम वो ब्रांड यदि हम एस्टेब्लिश कर सकेंगे, तो क्या होगा कि बच्चे की स्ट्रेंथ और पूरे दुनिया में से बच्चे यहां पे पढ़ने आने चाहिए।))

DEEPAVALI CELEBRATION

રાજ્યનાં વિવિધ મંત્રીઓ સહિતના મહાનુભાવોએ અલગ અલગ જગ્યાએ દિવાળી ઊજવી. કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ ભાવનગરમાં સરહદી ક્ષેત્રના જવાનોના પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી. તેમણે જવાનોના પરિવારજનોને મીઠાઇ ખવડાવી મોઢું મીઠું કર્યું તેમજ ફરસાણ, ધાબળાં અને મીઠાઈનું વિતરણ કર્યું હતું,

જ્યારે વાવ-થરાદના જિલ્લા પોલીસ વડા ચિંતન તેરૈયાએ નડાબેટ નજીક આવેલા ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદના ઝીરો પોઇન્ટ ખાતે ફરજ બજાવતા સરહદ સુરક્ષા દળ - BSFના જવાનો સાથે દિવાળી ઉજવી. તેમણે સરહદ પર દેશની રક્ષા કરતા જવાનોનું મનોબળ વધાર્યું અને તેમના ત્યાગ, સમર્પણ તથા દેશસેવાની ભાવનાને બિરદાવી. ત્યારબાદ જિલ્લા પોલીસ વડાએ નડેશ્વરી માતાજીના મંદિરે દર્શન અને પૂજન કર્યા હતા.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

GOVERNOR VISITS COWSHED

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે દિવાળીના શુભ અવસરે ગાંધીનગરમાં સેક્ટર-30 ખાતે આવેલી ગૌશાળાની મુલાકાત લીધી. દરમિયાન તેમણે ગૌશાળાના સંચાલકો પાસેથી ગૌશાળાની વર્તમાન વ્યવસ્થા, ગૌવંશના આરોગ્ય, યોગ્ય આહાર, નિભાવ અને સ્વચ્છતા સંબંધિત વિવિધ માહિતી મેળવી હતી. રાજ્યપાલે ગૌશાળામાં રહેલા ગૌમૂત્ર અને છાણનો ખાતર તરીકે ઉપયોગ કરવા સંચાલકોને માર્ગદર્શન આપ્યું.

STATE WEATHER UPDATE

રાજ્યમાં બપોરે ગરમી તથા સવાર અને સાંજે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ધીમેધીમે રાજ્યભરમાં તાપમાન ગગડી રહ્યું છે. દરમિયાન આગામી સાત દિવસ તાપમાન યથાવત્ રહેવાની સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે, ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી ઓછું 17.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું. જ્યારે અમરેલી, ભાવનગર, પોરબંદર અને કેશોદમાં 19 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યાના અહેવાલ છે.

BRC PLAYER SELECTION

ભરૂચ જિલ્લાના ખેલાડી વ્રજ પટેલ અને એરિક પરમારની રાષ્ટ્રીય કક્ષાની સોફ્ટ ટેનિસ સ્પર્ધા માટે પસંદગી થઈ. આ બંને ખેલાડીએ અગાઉ ભારતીય શાળાકીય રમતગમતની રાજ્યકક્ષાની 17 વર્ષથી ઓછા વયજૂથની ટેનિસ સ્પર્ધામાં ભવ્ય પ્રદર્શન કર્યું હતું. આ બંને ખેલાડી હવે મધ્યપ્રદેશના દેવાસ ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

તેમની આ સિદ્ધિ બદલ જિમખાના અંકલેશ્વર ટેનિસ અકાદમીના કોચ, સંચાલકો, ખેલાડીઓ અને વાલીઓમાં આનંદની લાગણી છવાઈ છે. ઉલ્લેખનીય છે કે, ખેલાડી વ્રજ પટેલની સતત ત્રીજા અને એરિક પરમારની બીજા વર્ષે ગુજરાત રાજ્યની ટીમમાં પસંદગી થઈ છે.